# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date: 27-03-2025 Day: THURSDAY MORNING: 6.50 TO 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર આરતી **આરતી ભટ્ટ** વાંચે છે.

---

## નાણામંત્રી-કનું દેસાઈ રાજ્યનું દેવું :

રાજ્યમાં કરદાતાઓની સંખ્યામાં 145 ટકાનો વધારો થયો છે. વિધાનસભામાં નાણાં વિભાગની અંદાજપત્રીય માગણીઓ રજૂ કરતાં નાણાં મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું કે, રાજ્યમાં કુલ 12 લાખ 46 હજાર 581 કરદાતા નોંધાયા છે.

વધુ માં તેમણે જણાવ્યું કે રાજ્યના જાહેર દેવાના પ્રમાણમાં ઉત્તરોત્તર ઘટાડો થતાં વર્ષ ૨૦૨૫-૨૬માં રાજ્યનું જાહેર દેવુ 15.58 ટકા થવાનો અંદાજ છે, જે 27.10 ટકાની નિયત મર્યાદા કરતાં ઘણું ઓછું છે. જીએસટી રિટર્ન ફાઇલિંગ અને ઇ-વે બિલ ચકાસણીમાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે. તેમણે જણાવ્યું કે કેન્સરની દવાઓ પર વેરાનો દર 12 ટકાથી ઘટાડી 5 ટકા કરાયો છે.

---

## **રાજયપાલ પ્રાકૃતિક ખેતી -:**

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ જણાવ્યું છે કે, સમગ્ર દેશમાં પહેલી એપ્રિલથી શરૂ થનાર રાષ્ટ્રીય પ્રાકૃતિક ખેતી મિશનથી દેશમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધશે.

દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે યોજાયેલા પ્રાકૃતિક ખેતી પરિસંવાદને સંબોધતા રાજ્યપાલે કહ્યું કે, આગામી સમયમાં પ્રાકૃતિક કૃષિ અભિયાનને વેગવાન બનાવવા વિશેષ પ્રયાસો હાથ ધરાશે.

આ કાર્યક્રમમાં શ્રી દેવવ્રતે પ્રાકૃતિક ખેતી કરતા વિવિધ રાજયોના ૯ ખેડૂતોને સન્માનિત કર્યા હતા.

---

## નાણામંત્રી નિર્મલા સીતારમણ :

સંસદમાં ગઈકાલે બૅન્કિંગ કાયદા સુધારા ખરડો 2024 પસાર થયો છે. રાજ્યસભાએ આ ખરડાને મંજૂરી આપી છે. જોકે, લોકસભામાં આ વિધેયક પહેલા જ પસાર થઈ ગયું છે. જ્યારે લોકસભામાં ગઈકાલે ત્રિભુવન સહકારી વિશ્વ-વિદ્યાલય ખરડો 2025 પસાર કરાયો છે.કેન્દ્રીય નાણામંત્રી નિર્મળા સીતારમણે ચર્ચાનો જવાબ આપતાં કહ્યું, સરકારે દેશમાં બૅન્કિંગ ક્ષેત્રને મજબૂત કરવા અનેક પરિવર્તન કર્યા છે.

---

## સુરત સ્ટેશન સ્ટોપ :

આગામી પહેલી એપ્રિલથી સુરત સ્ટેશન પર મોટાભાગની ટ્રેનોના સ્ટોપેજ ફરી આપવામાં આવશે.

પશ્ચિમ રેલ્વેની સત્તાવાર યાદી મુજબ પ્લેટફોર્મ નંબર 2 અને 3 પર ચાલી રહેલા સુરત સ્ટેશન પુનઃવિકાસ કાર્યનો બીજો તબક્કો પૂર્ણ થઈ ગયો છે. આ કામના લીધે જે ટ્રેનોને અસ્થાયી રૂપે વૈકલ્પિક સ્ટેશનો પર સ્થાનાંતરિત કરવામાં આવી હતી તેમાંથી મોટાભાગની ટ્રેનનું પરિચાલન પહેલી એપ્રિલથી ફરી કાર્યરત થશે.

---

## GCAS પોર્ટલ :

ધોરણ 12 પછી કોલેજમાં પ્રવેશ મેળવવા માટે ગુજરાત કોમન એડમિશન સર્વિસ પોર્ટલ પર રજીસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ થઇ ગઇ છે. સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે GCAS પોર્ટલમાં ક્વીક રજીસ્ટ્રેશન કરવું ફરજિયાત છે. વિદ્યાર્થી પોતાની જાતે જ GCASની વેબસાઈટ પર જઈને નોંધણી કરાવી શકશે.25 માર્ચથી ક્વિક રજીસ્ટ્રેશન શરૂ થયું છે.જેમાં વિદ્યાર્થીઓએ પોતાનું નામ, ઇમેલ, આઇડી અને ફોટો અને સહી અપલોડ કરીને આઈડી બનાવી શકશે.

---

## ગાંધીધામ કન્ટેનર ટ્રેન:

ગાંધીધામ થી સેન્ટ્રલ વેરહાઉસ કોર્પોરેશન ભારતીય રેલવે તથા આઈ વેરસપ્લાયઈંગ ચેન સર્વિસના પ્રથમ રેલ્વે કન્ટેનર ટ્રેનને અધિકારીઓ લીલી જંડી આપી પ્રસ્થાન કરાવી હતી. આ પ્રસંગે રેલ્વેના અધિકારીના જણાવ્યા અનુસાર c.w.c દ્વારા સંચાલિત પ્રથમ કન્ટેનર ટ્રેન શરૂ થવાથી લોજિસ્ટિક ઉદ્યોગ ક્ષેત્રે નવા યુગનો આરંભ થશે.

---

## ગાંધીધામ મામલતદાર:

ગાંધીધામની મામલતદાર કચેરીમાંથી આવક,જાતિના દાખલા,ડોમીસાઈલ,નોન ક્રીમીલેયર,પ્રમાણપત્ર વગેરે બનાવવાની કામગીરી ચાલુ છે તેથી વાલી અને વિદ્યાર્થીઓએ પરિણામ આવે તે પહેલા પોતાના આગળના અભ્યાસ માટે જરૂરી એવા દાખલા અને પ્રમાણપત્ર કઢાવી લેવા અનુરોધ કર્યો છે.

---

## વિશ્વ વન દિવસની ઉજવણી આજે ઉજવણી

ભુજ ખાતે આવેલ કચ્છ મ્યુઝિયમમાં 25 થી ૩૧ માર્ચ દરમિયાન યોજાયેલ લાઈટ થ્રેડ પ્રદર્શનમાં ભાગરૂપે આગામી 30મી માર્ચ રવિવાર સવારે 9 થી 12 સાઈનો ટાઇપ ફોટોગ્રાફિક પ્રક્રિયાનો વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે.

કચ્છ સંગ્રહાલય ભુજ દ્વારા આયોજિત આ વર્કશોપમાં સિધાર્થ કનેરિયાના માર્ગદર્શન હેઠળ ભાગ લો,કંઇક નવું શીખો, વિચાર કરો અને વ્યક્ત કરો. પ્રયોગ કરીને પ્રિન્ટને જાતે ડેવલોપ કરતા શીખવામાં આવશે

---